## સ્પર્ધાત્મક પરીક્ષાઓ



# પ્રાથમિક – માધ્યમિક

# વિભાગ

# સ્પર્ધાત્મક પરીક્ષાઓની



## માહિતી



- નવોદય પરીક્ષા
- (NMMS) નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા
- પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ
- ફીટ ઈન્ડિયા ક્વીઝ
- પ્રાથમિક-માધ્યમિક ચિત્રકામ પરીક્ષા
- પ્રવેશ પરીક્ષા (મોડેલ સ્કુલ અને કે.જી.બી.વી.)
- NIOS Exam (રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષણ સંસ્થાન)
- સૈનિક શાળા બાલાચડીમાં પ્રવેશ
- રાષ્ટ્રીય પ્રતિભા શોધ પરીક્ષા



- ❖ G – Shala એપ્લીકેશન

www.factzfunda.com



# સ્પર્ધાત્મક પરીક્ષાઓ

## નવોદય પરીક્ષા

હાલ ધોરણ ૫ માં ભણતા વિદ્યાર્થીઓ એપ્લાય કરી શકે છે.

ધોરણ ૬ થી ૧૨ સુધી CBSE બોર્ડ માં મફત શિક્ષણ

**ફોર્મ ભરવા જરૂરી દસ્તાવેજો**

(૧) બાળકનું ભરેલ ફોર્મ (૨) વિદ્યાર્થીનો ફોટો (૩) વિદ્યાર્થીની સહી (૪) વાલીની સહી

**નવોદય ફોર્મમાં અપલોડ કરવાની વિગત**

(૧) બાળકનો પાસપોર્ટ સાઈઝ ફોટો (Size 10-100 KB) (૨) બાળકની સહી (Size 10-100 KB)

(૩) વાલીની સહી (Size 10-100 KB) (૪) બાળકનું ભરેલું ફોર્મ (Size 50-300 KB)

## (NMMS) નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા (ધોરણ-૮)

**પરિક્ષાની ફી** – જનરલ તથા ઓ.બી.સી. માટે ૭૦/- રૂ. (સર્વિસ ચાર્જ અલગથી)
એસ.ટી. તથા પી.એચ.સી. માટે ૫૦/- રૂ. (સર્વિસ ચાર્જ અલગથી)

**ફી સ્વીકારકેન્દ્ર** – ચલણ લઇ પોસ્ટ ઓફીસ અથવા ઓનલાઈન પેમેન્ટ

**ફોર્મ ભરવા જરૂરી વિગતો** –

(૧) બાળકનો ડાયસ કોડ (૨) બાળકનું પૂરું નામ (૩) માતાનું નામ (૪) જન્મ તારીખ (૫) જાતિ (૬) સરનામું (૭) તાલુકો, જીલ્લો, પીનકોડ (૮) શાળાનો ડાયસ કોડ (૯) પિતાનો વ્યવસાય અને શિક્ષણ (૧૦) માતાનો વ્યવસાય અને શિક્ષણ (૧૧) ભાઈ અને બહેનની સંખ્યા (ઘરના કુલ સભ્યો) (૧૨) પિતાની વાર્ષિક આવક (૧૩) મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી (૧૫) ફોટો અને સહી બાળકની (૧૦ KB સાઈઝ)

## પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ (ધોરણ – ૬ અને ૯)

**વેબસાઈટ** – www.sebexam.org

**ઉમેદવારની લાયકાત** –

પ્રાથમિક વિભાગ ધોરણ – ૬ (ધોરણ – ૫ માં ઓછામાં ઓછા ૫૦% ગુણ કે સમકક્ષ ગ્રેડ)

માધ્યમિક વિભાગ ધોરણ - ૯ (ધોરણ – ૮ માં ઓછામાં ઓછા ૫૦% ગુણ કે સમકક્ષ ગ્રેડ)

**અભ્યાસક્રમ** –

પ્રાથમિક વિભાગ ધોરણ – ૬ માં ધોરણ ૧ થી ૫ સુધીનો અભ્યાસક્રમ રહેશે.

મધ્યમિક વિભાગ ધોરણ – ૯ માં ધોરણ ૬ થી ૮ સુધીનો અભ્યાસક્રમ રહેશે.

**પરિક્ષાની ફી** –

પ્રાથમિક વિભાગ ધોરણ – ૬ પરીક્ષા ફી ૨૫/- માર્કશીટ/પ્રમાણપત્ર ફી ૧૫/- કુલ ૪૦/-

માધ્યમિક વિભાગ ધોરણ – ૯ પરીક્ષા ફી ૩૫/- માર્કશીટ/પ્રમાણપત્ર ફી ૧૫/- કુલ ૫૦/-

**ફી સ્વીકારકેન્દ્ર** – ચલણ લઇ પોસ્ટ ઓફીસ અથવા ઓનલાઈન પેમેન્ટ

**ફોર્મ ભરવા જરૂરી વિગતો** –

(૧) બાળકનો ડાયસ કોડ (૨) બાળકનું પૂરું નામ (૩) માતાનું નામ (૪) જન્મ તારીખ (૫) જાતિ (૬) વાલીનો મોબાઇલ નંબર (૭) આચાર્ય/શિક્ષકનો મોબાઇલ નંબર / ઈમેઈલ (૮) શાળાનો ડાયસ કોડ (૯) ફોટો અને સહી બાળકની (૧૫ KB સાઈઝ)

## ફીટ ઈન્ડિયા ક્વીઝ

**વેબસાઈટ** – https://fitindia.gov.in

**ઉમેદવારની લાયકાત** –

આ કિવઝમાં સરકારી, અનુદાનિત તેમજ ખાનગી તમામ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરી શકાશે અને ઉચ્ચ પ્રાથમિક વિભાગના ધોરણ ૮ ના વિદ્યાર્થીઓ પણ ભાગ લઈ શકશે.

કિવઝ માટે રજીસ્ટ્રેશન કરવા માટે શાળા ફિટ ઈન્ડિયા વેબસાઈટ પર રજીસ્ટર થયેલી હોવી જરૂરી છે. જો શાળા રજીસ્ટ્રેશન નથી થયેલું તો પહેલા શાળાનું રજીસ્ટ્રેશન કર્યા બાદ કિવઝ માટે રજીસ્ટ્રેશન કરવાનું થશે. કિવઝ માટેની માર્ગદર્શિકા આ સાથે સામેલ છે.

ફિટ ઈન્ડિયા કિવઝ માર્ગદર્શિકા શાળાના વિદ્યાર્થીઓ માટે આંતરિક કિવઝનું આયોજન કરી શાળા વિદ્યાર્થીઓની પસંદગી કરશે, અને પસંદ કરાયેલા આ વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન પ્રિલીમનરી રાઉન્ડ માટે કરશે. બધી જ શાળાઓને પ્રિલીમીનરી રાઉન્ડ માટે રજીસ્ટ્રેશન કરવાની તક આપવામાં આવશે. કિવઝ - રજીસ્ટ્રેશન કરવા માટે શાળાએ ઓછામાં ઓછા બે વિદ્યાર્થીની એન્ટ્રી ફિટ ઈન્ડિયા વેબસાઇટ (https://fitindia.gov.in) પર કરવાની રહેશે.

www.factzfunda.com

# સ્પર્ધાત્મક પરીક્ષાઓ

**પરિક્ષાની ફી –**

રજીસ્ટ્રેશન માટે વિદ્યાર્થી દીઠ રૂપિયા 250/- રજીસ્ટ્રેશન ફી રહેશે. સરકારી શાળામાં મહત્તમ બે વિદ્યાર્થીઓની રજીસ્ટ્રેશન - ફી શાળાની ગ્રાન્ટમાંથી ભરી શકાશે.

**ફિટ ઈન્ડીયા કવિઝમા ભાગ લેનારી શાળા અને વિદ્યાર્થીઓ માટે ઈનામની રકમ મળશે.**

**નેશનલ ચેમ્પીયન**

શાળા માટે ઈનામ:: 25,00,000

વિદ્યાર્થી માટે ઈનામ:: 2,50,000

**1st રનર અપ**

શાળા માટે ઈનામ:: 15,00,000

વિદ્યાર્થી માટે ઈનામ:: 1,50,000

**2nd રનર અપ**

શાળા માટે ઈનામ:: 10,00,000

વિદ્યાર્થી માટે ઈનામ:: 1,00,000

## પ્રાથમિક અને માધ્યમિક ચિત્રકામ પરીક્ષા

**વેબસાઈટ** – www.sebexam.org

**ઉમેદવારની લાયકાત –**

પ્રાથમિક વિભાગ (ધોરણ – ૫ થી ૮ માં અભ્યાસ કરતાં)

માધ્યમિક વિભાગ (ધોરણ – ૯ થી ૧૨ માં અભ્યાસ કરતાં)

**અભ્યાસક્રમ –**

પ્રાથમિક વિભાગ ધોરણ – ૬ માં ધોરણ ૧ થી ૫ સુધીનો અભ્યાસક્રમ રહેશે.

માધ્યમિક વિભાગ ધોરણ – ૯ માં ધોરણ ૬ થી ૮ સુધીનો અભ્યાસક્રમ રહેશે.

**પરિક્ષાની ફી –**

પ્રાથમિક વિભાગ ધોરણ – ૫ થી ૮   પરીક્ષા ફી ૫૦/-

માધ્યમિક વિભાગ ધોરણ – ૯ થી ૧૨   પરીક્ષા ફી ૬૦/-

**ફી સ્વીકારકેન્દ્ર** – ચલણ લઇ પોસ્ટ ઓફીસ અથવા ઓનલાઈન પેમેન્ટ

**ફોર્મ ભરવા જરૂરી વિગતો –**

(૧) બાળકનો ડાયસ કોડ (૨) બાળકનું પૂરું નામ (૩) માતાનું નામ (૪) જન્મ તારીખ (૫) જાતિ (૬) વાલીનો મોબાઇલ નંબર (૭) આચાર્ય/શિક્ષકનો મોબાઇલ નંબર / ઈમેઈલ (૮) શાળાનો ડાયસ કોડ (૯) ફોટો અને સહી બાળકની (૧૫ KB સાઈઝ)

## પ્રવેશ પરીક્ષા

## (મોડેલ સ્કુલ અને કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય – કે.જી.બી.વી.)

**વેબસાઈટ** – www.sebexam.org

**ઉમેદવારની લાયકાત –**

જે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ – ૫, ૬, ૭ અને ૮ માં સરકારી પ્રાથમિક, લોકલ બોડી, ગ્રાન્ટેડ તથા ખાનગી સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ "કોમન એન્ટ્રસ ટેસ્ટ" આપી શકશે.

**કસોટીનું માળખું** – બહુવિકલ્પ પ્રશ્નો (જે તે આગળના ધોરણનો અભ્યાસક્રમ)

**માધ્યમ** – ગુજરાતી

**પરિક્ષાની ફી** – કોમન એન્ટ્રસ ટેસ્ટ માટે કોઈ ફી ભરવાની થતી નથી.

**ફી સ્વીકારકેન્દ્ર** – ચલણ લઇ પોસ્ટ ઓફીસ અથવા ઓનલાઈન પેમેન્ટ

**ફોર્મ ભરવા જરૂરી વિગતો –**

(૧) બાળકનો ડાયસ કોડ (૨) બાળકનું પૂરું નામ (૩) માતાનું નામ (૪) જન્મ તારીખ (૫) જાતિ (૬) વાલીનો મોબાઇલ નંબર (૭) આચાર્ય/શિક્ષકનો મોબાઇલ નંબર / ઈમેઈલ (૮) શાળાનો ડાયસ કોડ (૯) ફોટો અને સહી બાળકની (૧૫ KB સાઈઝ)

www.factzfunda.com

# સ્પર્ધાત્મક પરીક્ષાઓ

## NIOS Exam

### NATIONAL INSTITUTE OF OPEN SCHOOLING (રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષણ સંસ્થાન)

રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષણ સંસ્થા જે મુક્ત શિક્ષણ પ્રણાલીથી શાળાકીય શિક્ષણ પૂરું પાડે છે.
૨ વર્ષે આશરે 1 લાખથી વધારે વિદ્યાર્થીઓ એન.આઈ.ઓ.એસ . માં પ્રવેશ મેળવે છે.

(૧) માધ્યમિક અભ્યાસક્રમ (ધોરણ -૧૦)
(૨) ઉચ્ચત્તર માધ્યમિક અભ્યાસકમ (ધોરણ -૧૨, સાયન્સ, કોમર્સ, આર્ટસ)
(૩) વ્યાવસાયિક અભ્યાસક્રમ (લગભગ ૧૦૦ જેટલા)
(૪) મુકત બુનિયાદી શિક્ષણ (ધોરણ- ૩, ૫ અને ૮)
(૫) જીવન સંવધન અભ્યાસક્રમો
એન.આઈ.ઓ.એસ. આપના માટે છે જે આપ ...
(૧) નિયમિત શાળામાં ન જઈ શકતા વિદ્યાર્થીઓ. બાલિકાઓ, મહિલાઓ, કામદાર વર્ગના લોકો શારીરિક કે માનસિક વિકલાંગ વ્યકિત હો ... અથવા અંતરિયાળ વિસ્તારમાં રહેતા હો જયો શાળાઓ ઉપલબ્ધ નથી.
(૨) આપ અન્ય ક્ષેત્રોમાં પોતાની કારકિર્દી ઘડવા ઈચ્છતા હોય જેમ કે સંગીત, નૃત્ય, ફિલ્મ, રમતગમત વગેરે અને આ કારણસર નિમિતે શાળામાં હાજરી ન આપી શકતા હોય.
(૩) આપે અધવચ્ચે શિક્ષણા છોડી દીધુ હોય પરંતુ હવે ભણવા ઈચ્છતા હોવ.
(૪) આપને ગણિત કે વિજ્ઞાન જેવા વિષયો અઘરા લાગતા હોય.
(૫) આપ પોતાની અનુકૂળતા મુજબ જયારે ઈચ્છો ત્યારે પરીક્ષા આપવા ઈચ્છતા હોવ.

**મુખ્ય વિશેષતાઓ –**
(૧) આખું વર્ષ પ્રવેશ ચાલુ રહે છે. (જાહેર રજાઓ સિવાય)
(૨) પ્રવેશ પાંચ વર્ષ સુધી માન્ય
(3) સી.બી.એસ.સી. તથા કોઈપણ રાજ્ય બોર્ડ મુજબ માન્ય પ્રમાણપત્ર
(૪) વર્ષમાં બે વખત જાહેર પરીક્ષા - એપ્રિલ અને ઓકટોબર મહિનામાં
(૫) પ્રવેશ માટે મહત્તમ ઉમરમાં કોઈ બંધન નથી.
(૬) પસંદગી પ્રમાણેના વિષયો, માધ્યમો અને અભ્યાસક્રમો : ધોરણ ૧૦ માં ૩૭ અને ધોરણ ૧૨ માં ૪૩ જેટલા વિષયો ઉપલબ્ધ છે. માધ્યમો – ગુજરાતી, હિન્દી, અંગ્રેજી
(૭) ધો -૧૦ કે ધો – ૧૨ ની પરીક્ષામાં નાપાસ વિદ્યાર્થી પોતાનું વર્ષ બચાવી શકે છે.

## સૈનિક શાળા બાલાચડીમાં પ્રવેશ (જામનગર)

રક્ષા મંત્રાલય હેઠળ (CBSE સંલગ્ન અંગ્રેજી માધ્યમની છોકરાઓ માટેની આવાસી શાળા) (સ્થાપના ૧૯૬૧)
પ્રવેશ સુચના ફકત ધો. ૬ તથા ૯ માટે : સત્ર ૨૦૧૪ - ૧૫ (ફકત છોકરાઓ માટે)

સૈનિક શાળા બાલાચડી (જામનગર) એક અંગ્રેજી માધ્યમની ફકત છોકરાઓ માટેની આવાસી પબ્લીક શાળા છે જે CBSE સાથે સંલગ્ન છે, ૧૦ + ૨ ની પધ્ધતિ અનુસાર વિદ્યાર્થીઓને તૈયાર કરવા તેમજ રાષ્ટ્રીય સુરક્ષા એકેડેમીમાં જોડાવા અને ભારતીય સુરક્ષા દળના ઓફિસર માટે તૈયાર કરવા. આ શાળા લગભગ 300 એકર વિસ્તારમાં ફેલાયેલ છે.

**ધ્યેય** : બાળકોનો સંર્વાગી વિકાસ શિક્ષણ, ઉપરાંત ઈત્તર પ્રવૃતિઓ અને કાર્ય કરતાં શીખવું.

**જન્મ તારીખ** : ધો. ૬ માટે ૨ જુલાઈ ૨૦૦૩ થી ૧ જુલાઈ ૨૦૦૪ વચ્ચે જન્મેલ (બન્ને દિવસો સહિત) ધો. ૯ માટે ૨ જુલાઈ ૨૦૦૮ થી ૧ જુલાઈ ૨૦૦૧ વચ્ચે જન્મેલ (બન્ને દિવસો સહિત)

**આરક્ષણ** : ૬૭ % સીટ ગુજરાત રાજયના વતની વિદ્યાર્થીઓ માટે. ૨૫ % સીટ સુરક્ષા દળના કર્મચારીના વિદ્યાર્થીઓ માટે (નિવૃત કર્મચારી સહિત) એસ.સી., એસ.ટી વિદ્યાર્થીઓ માટે સરકારી ધારા ધોરણો પ્રમાણે આરક્ષણ

**વાર્ષિક ફી** : વાર્ષિક ફી ૯૦,૦૦૦/-

**શિષ્યવૃતિ** : ડીફેન્સ ૩૨૦૦૦/- + કેન્દ્રની સહાય, ગુજરાત રાજય ૧૫૦૦૦/- + ખોરાક શિષ્યવૃતિ + ૫૦ % શેરીંગ ઓફ બર્ડન

**પરીક્ષા કેન્દ્રો** : અમદાવાદ, બાલાચડી, સુરત (પુરતી સંખ્યા હશે તો જ કેન્દ્ર ફાળવાશે)

**રજીસ્ટ્રેશન ચાર્જ** : જનરલ (સામાન્ય) શ્રેણી તથા સુરક્ષાકર્મીના વિદ્યાર્થીઓ માટે ૪૦૦/- (ટપાલ દ્વારા ૪૫૦/-) એસ.સી., એસ.ટી વિદ્યાર્થીઓ માટે ૨૫૦/- (ટપાલ દ્વારા 300/-)

**અરજીપત્રક શાળાની વેબસાઈટ** : www.ssbalachadi.org ઉપરથી ડાઉનલોડ કરીને વાપરી શકાશે. વધુ વિગત માટે : ટેલીફોન : 02893-246226 , 9725876750 , 942817004

www.factzfunda.com

# સ્પર્ધાત્મક પરીક્ષાઓ

## "રાષ્ટ્રીય પ્રતિભા શોધ પરીક્ષા"

## "National Talent Search Examination"

**વેબસાઈટ** – www.sebexam.org

**શિષ્યવૃતિ રકમ**

ધોરણ ૧૧ તથા ધોરણ ૧૨ માં માસિક રૂ. ૧૨૫૦/- શિષ્યવૃત્તિ મળશે.

અન્ડરગ્રેજ્યુશન તથા પોસ્ટગ્રેજ્યુશન અભ્યાસ માટે માસિક રૂ. ૨૦૦૦/- શિષ્યવૃત્તિ મળશે.

Ph.D. અભ્યાસ માટે યુ.જી.સી. ના નિયમાનુસાર શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

**વિદ્યાર્થીની લાયકાત –**

જે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ – ૧૦ માં કોઈ પણ માન્ય બોર્ડની ગુજરાત રાજ્યમાં આવેલ સરકારી શાળા, લોકલ બોડી, ગ્રાન્ટેડ તથા ખાનગી શાળા અથવા કોઈપણ માન્ય શાળામાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ NTSE પરીક્ષા આપી શકશે. જે વિદ્યાર્થી મુક્ત દૂરવર્તી શિક્ષણ કેન્દ્ર (Open Learning Distance) માં અભ્યાસ કરતા હોય તેવા ૧/૭/૨૦૨૦ ના રોજ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના, નોકરી ન કરતા હોય તેમજ પ્રથમ વખત ધોરણ -૧૦ ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર હોય તેવા વિદ્યાર્થીઓ પણ NTSE ની પરીક્ષા આપી શકશે. વિદેશમાં ધોરણ -૧૦ માં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓ બીજા તબક્કાની પરીક્ષા માટે સીધી ઉમેદવારી કરી શકશે. આ માટે NCERT ની વેબસાઇટ પર જાન્યુઆરી -૨૦૨૧ માં પ્રસિદ્ધ થનાર આવેદનપત્ર ૨૮/૦૨/૨૦૨૧ સુધીમાં NCERT દ્વારા સૂચવ્યા મુજબ ભરવાનું રહેશે.

**આવક મર્યાદા** : એન.સી.ઇ.આર.ટી..ન્યુ દિલ્હી દ્વારા નકકી થયા મુજબ આ પરીક્ષામાં આવક મર્યાદા ધ્યાનમાં લેવાની નથી . જે વિદ્યાર્થીને સ્કોલરશીપ મેળવવાને પાત્ર ઠરે છે તે વિદ્યાર્થીને પૂરેપૂરી સ્કોલરશીપ મળશે.

**પરીક્ષા ફી**

જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફી રૂા .૭૦/- રહેશે.

પી.એચ., ઓ.બી.સી., એસ.સી. તથા એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફી રૂા .૫૦/- રહેશે.

સર્વિસ ચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે.

કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત કરવામાં આવશે નહિ.

**ફી સ્વીકારકેન્દ્ર** – ચલણ લઇ પોસ્ટ ઓફીસ અથવા ઓનલાઈન પેમેન્ટ

**ફોર્મ ભરવા જરૂરી વિગતો –**

(૧) બાળકનો ડાયસ કોડ (૨) બાળકનું પૂરું નામ (૩) માતાનું નામ (૪) જન્મ તારીખ (૫) જાતિ (૬) વાલીનો મોબાઇલ નંબર (૭) આચાર્ય/શિક્ષકનો મોબાઇલ નંબર / ઈમેઈલ (૮) શાળાનો ડાયસ કોડ (૯) ફોટો અને સહી બાળકની (૧૫ KB સાઈઝ)

## G-Shala App

1. લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ G-Shalaનો વેબ બેઝ્ડ એપ્લીકેશન અને મોબાઇલ એપ એમ બંને રીતે ઉપયોગ થઇ શકશે:

વેબ બેઝડ એપ્લીકેશન માટેની લિંક: https://gshala.schoolnetindia.com

**મોબાઇલ એપ ડાઉનલોડ કરવા માટેની લિંક:**

https://play.google.com/store/apps/details?id=com.org.g_shala

2. G-Shala મોબાઇલ એપ Google Play Store પર ઉપલબ્ધ છે, Play Storeમાં G-Shala લખી સર્ચ કરવાથી પણ મળી રહેશે.

3. લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ G-Shalaની રજીસ્ટ્રેશન (સાઇન અપ પ્રોસેસ) પ્રક્રિયાના પગલાઓ આ સાથે સમેલ રાખી મોકલી આપવામાં આવે છે. જેને અનુસરી તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાઇન અપ પ્રોસેસ સફળતાપૂર્વક કરી શકે તે માટે જરૂરી માહિતી અને માર્ગદર્શન આપશો.

4. G-Shala એપમાં વિદ્યાર્થીઓએ કઈ રીતે લોગ ઈન થવું અને કઈ રીતે ઉપયોગ કરવો તેનો વિડીયો જોવાની લિંક https://youtu.be/19sQ7ror7gA

5. શિક્ષક અથવા વિદ્યાર્થી રજીસ્ટ્રેશન (સાઇન અપ) દરમિયાન, ૧૮ અંકનું ચાઇલ્ડ યુનિક આઇડી (વિદ્યાર્થી દ્વારા સાઇન અપ માટે) અને ૦૮ આંકનો ટીચર કોડ (શિક્ષક દ્વારા સાઇન અપ માટે) ફરજિયાત રાખવામાં આવેલ છે. સાઇનઅપ પ્રક્રિયાથી, G-Shalaમાં લોગીન માટે User Name અને પાસવર્ડ સેટ કરી શકાશે.

6. G-Shala એપ રજીસ્ટ્રેશનમાં ચાઇલ્ડ યુનિક આઇડી અને ટીચર કોડની અગત્યતા જોતાં ચાઇલ્ડ ટ્રેકિંગ સીસ્ટમ - Aadhaar Enable DISE અંતર્ગત તમામ વિદ્યાર્થીઓની માહિતી અને ટીચર પોર્ટલ અંતર્ગત તમામ શિક્ષકોની માહિતી (વિષય અને વર્ગ મેપિંગ સહિત) અપડેટ થયેલ હોય તે સુનિશ્ચિત કરશો.

7. આપના તાબા હેઠળની તમામ સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક-માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને G-Shala એપ, તેના ઇન્સ્ટોલેશન, રજીસ્ટ્રેશન (સાઇન અપ પ્રોસેસ) અને ઉપયોગિતા વિશે સંપૂર્ણ માહિતગાર કરશો.

8. આ એપમાં હાલમાં ધો.૧૦ સુધીનું ઇ-કન્ટેન્ટ ઉપલબ્ધ છે. ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ માટે પણ ટૂંક જ સમયમાં ઇ-કન્ટેન્ટ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

9. હાલમાં આ એપ સરકારી અને ગ્રાન્ટેડ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે જ ઉપલબ્ધ છે.

**G-Shala App Version 1.3 અંતર્ગત નવા અપડેટ્સ**

1. એક જ મોબાઇલ નંબરથી એક થી વધુ વિદ્યાર્થીઓ (વધુમાં વધુ ત્રણ)ના રજીસ્ટ્રેશન માટેની સુવિધા

2. એકથી વધુ પ્રોફાઇલ માટે લોગીન થયા પછી પ્રોફાઇલ પસંદ કરવાની સગવડ

3. હવે ઉપલબ્ધ છે "My Profile" પેજ પર પ્રોફાઇલ બદલવાનો વિકલ્પ, જેથી એક જ મોબાઇલ નંબર એકથી વધુ વિદ્યાર્થીઓના એકાઉન્ટ સાથે લિંક કરી શકાશે

4. છેલ્લે ઉપયોગ કરેલ સ્ક્રીન પર પાછા જવા માટે મોબાઇલની "Back" keyનો ઉપયોગ થઇ શકશે. (હોમ/પ્રથમ પેજ પર રહેલ યુઝર મોબાઇલની "Back" key દબાવશે તો એપ્લિકેશનમાંથી બહાર નીકળી જશે)

www.factzfunda.com